અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયોમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે ટેલેન્ટ પુલનું નિર્માણ" યોજના અંતર્ગત શાળાઓને ત્રણ વર્ષ માટે એમ્પેનલ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૪/ન.બા.૯૯/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ30/0૬/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૭/૦૮/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.30/0૧/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અજાક/ ૧૦૨૦૧૯/૭૫૧૦૨(૧૯૯)/ગ

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૭/0૬/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૯/ ૨૦૨૧-૨૨/૩૧૫૫

આમુખ :-

વંચાણે લીધેલા ક્રમાંક : (૧)ના ઠરાવથી અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે “ટેલેન્ટ પુલનું નિર્માણ” યોજના અમલમાં મુકવામાં આવેલ છે, જે અંતર્ગત વિદ્યાર્થી દીઠ રૂ.૪૦,૦૦૦/-ની સહાય ચૂકવવામાં આવે છે. વંચાણે લીધા ક્રમાંક : (૨)ના ઠરાવથી આ યોજના અંતર્ગત શાળાઓની પસંદગી કરવા માટે સમિતિની રચના કરવામાં આવેલ છે. આ યોજના અન્વયે ઉત્તમ કક્ષાની આવાસીય સુવિધાઓ ધરાવતી શાળાઓની પસંદગી કરવા માટે તા.૨૩/૧૦/૨૦૨૦ના રોજ બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિક અખબારોમાં જાહેરાત આપી શાળાઓ પાસેથી દરખાસ્ત મંગાવેલ હતી. જેના અનુસંધાને ૧૫ શાળાઓ તરફથી દરખાસ્ત મળેલ છે. શાળા પસંદગી સમિતિની સમીક્ષા બેઠક તા.૧૧/૦૫/૨૦૨૧ના રોજ મળેલ હતી. જેમાં સમીક્ષાના અંતે ૧૫ શાળાઓ તરફથી મળેલ દરખાસ્તો પૈકી ૦૮ શાળાઆ પસંદ કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક: (૩) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત પસંદ થયેલ શાળાઓની ત્રણ વર્ષ માટે એમ્પેનલ કરવાની મંજૂરી માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુ.રા., ગાંધીનગર
06 JUL 2021
આવક નંબર....૯૪૯૭

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની ટેલેન્ટ પુલનું નિર્માણ યોજના અંતર્ગત શાળાઓ પાસેથી મળેલ દરખાસ્તો પૈકી નીચે મુજબની ૮(આઠ) શાળાઓને ૩ વર્ષ (૨૦૨૧-૨૨ થી ૨૦૨૩-૨૪) માટે એમ્પેનલ કરવામાં આવે છે.

(૧) સ્વ.પી.યુ.ચાવડા એજ્યુ. ટ્રસ્ટ સંચાલિત નાલંદા વિદ્યાલય શૈક્ષણિક સંકુલ, ભોરીંગડા, અમરેલી

(૨) ગુજરાત બાળ વિકાસ મંડળ દ્વારા સંચાલિત ફ્યુચરલિંક સ્કુલ, મુ.ખરેડીવાવ, તા.જાંબુઘોડા, જિ. પંચમહાલ

(૩) ગુજરાત બાળ વિકાસ મંડળ દ્વારા સંચાલિત શ્રી જે.આર.દેસાઈ સ્કુલ, મોરા, મોરવા, જિ. પંચમહાલ

(૪) શ્રી નીલકંઠ એજ્યુકેશન એન્ડ સોસીયલ વેલફેર ટ્રસ્ટ, બાયડ, અરવલ્લી

(૫) બ્રમચારીશ્રી ભગવતી નંદજી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી બ્રહ્માનંદ વિદ્યા મંદિર, ચાપરડા, વિસાવદર

(૬) જ્ઞાન સંપ્રદાય કેળવણી ટ્રસ્ટ સંચાલિત સતકૈવલ વિદ્યામંદિર, સારસા

(૭) ચાણક્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ (તક્ષશિલા વિદ્યાલય), હળવદ, મોરબી

(૮) શ્રી સ્વામી વિવેકાનંદ એજ્યુ.એન્ડ વેલફેર ટ્રસ્ટ સંચાલિત નાલંદા વિદ્યાલય, પુણા ગામ, તા.ચોર્યાસી, સુરત.

આ શાળાઓએ આ વિભાગના તા.૦૭/૦૮/૨૦૧૪ના સરખા ક્રમાંકના ઠરાવની શરતો અને જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી, ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી,બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦-એ,ગાંધીનગર
- કમિશ્નરશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી, ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ [નિયામકશ્રી(અ.જા.ક.) મારફત]
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) [નિયામકશ્રી(અ.જા.ક.) મારફત]
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ.